# ટેલિકોમના દરો હવે ઘટશે

## ફિક્સ્ડ લાઈન ફોન પરથી ટરમિનેશન ચાર્જ ૨૦ પૈસાથી ઘટાડી શુન્ય કરાયો જ્યારે મોબાઈલના કેસમાં ૩૦ ટકા સુધીનો ઘટાડો કરાયો

નવી દિલ્હી,તા. ૨૪

લેન્ડલાઈન અને મોબાઈલ ટેરિફના દરમાં ટુંક સમયમાં મોટો ઘટાડો થઈ શકે છે. ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાયે દેશમાં ફિક્સ્ડ લાઈન ફોન કનેક્શનને પ્રોત્સાહન આપવા માટે આજે એવા ચાર્જને દૂર કરી લીધા હતા જે એક લેન્ડલાઈન સર્વિસ આપનાર કંપનીને પોતાના ગ્રાહકની ફોન કોલ ટ્રાન્સમીટ કરવા માટે બીજા સર્વિસ પ્રોવાઈડરને ચુકવવામાં આવે છે. આ હિલચાલથી ફિક્સ્ડ લાઈન ફોનના ધારકોને સૌથી મોટો ફાયદો થશે.મહિને ફ્રી કોલ અને મિનિટની દ્રષ્ટિએ ફિક્સ્ડ લાઈન ફોનના યુઝરોને વધારે લાભ થશે. ફિક્સ્ડ લાઈન ફોન પરથી ટર્મિનેશન ચાર્જ પ્રતિ મિનિટ ૨૦પૈસાથી ઘટાડીને શુન્ય કરવામાં આવ્યો છે. જ્યારે મોબાઈલ ફોનના કેસમાં તેમાં ૩૦ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. મોબાઈલ પર ટર્મિનેશન ચાર્જ પ્રતિ મિનિટ ૨૦ પૈસાથી ઘટાડીને ૧૪ પૈસા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દેશમાં સૌથી વધુ પ્રમાણમાં ફિક્સ્ડ લાઈન સેવા આપનાર બીએસએનએલે કહ્યું છે કે ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો થશે. જ્યારે નાના મોબાઈલ ફોન ઓપરેટરોએ કહ્યું છે કે આ પગલાથી સામાન્ય લોકોને ફાયદો થશે. નાના મોબાઈલ ઓપરેટરોમાં યુનિનોરનો સમાવેશ થાય છે. બીએસએનએલના સીએમડી અનુપમ શ્રીવાસ્તવે કહ્યું છે કે અમે ગ્રાહકોને સીધો લાભ આપીશુ. બીએસએનએલ આશરે ૧.૭ કરોડ ફિક્સ્ડ લાઈન ટેલિફોન કનેક્શન ધરાવે છે. તે ૬૦ ટકા લેન્ડલાઈન ગ્રાહકો ધરાવે છે. અમે પહેલાથી સુચત ટેરિફ પ્લાન પર કામ કરી રહ્યા છીએ. આ ઘટનાક્રમના સંબંધમાં એરટેલ, વોડાફોન અને આઈડિયા દ્વારા હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. આ ત્રણેય દેશની ત્રણટોપની મોબાઈલ ટેલિકોમ સેવા છે. આ તમામ કંપનીઓએ કહ્યું છે કે નવા પગલામાં અભ્યાસની પ્રક્રિયા ચાલી રહી છે. આ ઓપરેટરોએ અગાઉ ટ્રાય સાથે બેઠક દરમિયાન ટર્મિનેશન ચાર્જમાં ઘટાડો કરવાની હિલચાલનો વિરોધ કર્યો હતો. કારણ કે તેઓ મોટા ગ્રાહક નેટવર્કિંગના કારણે તેમના નેટવર્ક પર સૌથી વધુ પ્રમાણમાં ટર્મિનેશન કોલ ધરાવે છે જ્યાં સુધી ઈન્ટરનેક્શન એરેજમેન્ટ થઈ શકે નહીં ત્યાં સુધી ટેલિકોમ ગ્રાહકો એક બીજાથી વાતચીત કરી શકતા નથી. અથવા તો બીજા નેટવર્કથી કનેક્ટ થઈ



શકતા નથી. એક ટેલિકોમ કંપનીના ગ્રાહક જ્યારે કોઈ બીજા નેટવર્ક પર કોલ કરે છે ત્યારે તેને ઈન્ટરકનેક્શન ચાર્જ આપવાની જરૂર પડે છે. કન્ઝ્યુમર તરફથી આપવામાં આવનાર ફાઈનલ પ્રાઈઝથી તેને જોડી દેવામાં આવી છે. ટ્રાયે કહ્યું છે કે, અમારો મત એ છે કે, જો વાયરલાઈનથી લઈને વાયરલેસ કોલ માટે મોબાઈલ ટર્મિનેશનચાર્જ ઝીરો કરવામાં આવે છે તો મોટી સંખ્યામાં રાહત થઈ શકે છે. મોબાઈલ ફોન પર ઈનકમિંગ ફોન ફ્રી કરવામાં આવ્યા બાદ દેશમાં લેન્ડલાઈન કનેક્શનમાં ઝડપી ઘટાડો થયો છે. વર્ષ ૨૦૧૪ના ગાળામાં જ્યાં મોબાઈલ ગ્રાહકોની સંખ્યા પોતાના હજુ સુધીના સૌથી ઉચ્ચ સ્તર પર પહોંચી ચુકી છે. સંખ્યા ૯૪.૩૯ કરોડ સુધી પહોંચી ગઈ છે. લેન્ડલાઈન કનેક્શન માત્ર ૨.૭ કરોડ રહી ગયા છે. લેન્ડલાઈન કનેક્શનના મામલામાં સરકારી કંપની બીએસએનએલનો દબદબો રહ્યો છે. તેની માર્કેટ હિસ્સેદારી ૬૨.૭૧ ટકા છે જ્યારે એમટીએનએલની માર્કેટ હિસ્સેદારી ૧૩.૪ ટકા છે. પ્રાઈવેટ ટેલિકોમ કંપની મુખ્યરીતે બ્રોડબેન્ડ કનેક્શન ઉપલબ્ધ કરાવવા માટે લેન્ડલાઈનનો ઉપયોગ કરે છે. મોબાઈલ સેગમેન્ટમાં ભારતી એરટેલ સૌથી મોટી હિસ્સેદારી ધરાવે છે. જ્યારે વોડાફોન પાસે ૧૮.૯૩ ટકા હિસ્સેદારી છે.

## નોકરીને વધારવા એક્સાઈઝ ડ્યુટી હળવી કરવા રજૂઆત

નવી દિલ્હી,તા. ૨૪

નાણાંપ્રધાન અરૂણ જેટલી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. જુદા જુદા વિભાગ દ્વારા માંગ કરવામાં આવી ચુકી છે. દેશના કન્ઝયુમર ડ્યુરેબલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પણ તેની માંગ અને અપેક્ષા રજૂ કરી દેવામાં આવી છે. આ ઉદ્યોગની માંગ છે કે દેશમાં કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડસ્ટ્રીઝમાં રોજગારીની વધુ તક ઉભી કરવા માટે એક્સાઈઝ ડ્યુટીમાં વધુ રાહત આપવામાં આવે તે જરૂરી છે. બજેટ ૨૦૧૫થી પ્રથમ અને પહેલી અપેક્ષા આ ઉદ્યોગની એ છે કે એક્સાઈઝ ડ્યુટી રાહતોને વધારવામાં આવે. કારણ કે આનાથી મેન્યુફેકચરિંગને પ્રોત્સાહન મળશે. સાથે સાથે આ સેક્ટરમાં રોજગારીની વધુ તક ઉભી કરવામાં આવશે. વિડિયોકોનના ડિરેક્ટર અનિરૂધ ધુત દ્વારા આ મુજબની પ્રતિક્રિયા આપવામાં આવી છે. બજેટથી અપેક્ષાના સંબંધમાં વાત કરતા તેમણે કહ્યું હતું કે ભરત મેક ઈન ઈન્ડિયામાં સ્પર્ધા જાળવી રાખવા માટે સક્ષમ છે. પરંતુ આ વિઝનને હાંસલ કરવા માટે અસરકારક નિતી તૈયાર કરવામાં આવે અને તેની જાહેરાત કરવામાં આવે તે જરૂરી છે. ઈલેક્ટ્રોનિક્સ સાધનોના નિર્માણને ટેકો મળે તે જરૂરી છે. ભારતમાં પેનલ મેન્યુફેકચરિંગને પ્રોત્સાહન મળે તે જરૂરી છે. જેથી અમે સરકાર પાસેથી વધુ સારી માર્ગદર્શિકાની અપેક્ષા રાખી રહ્યા છીએ. ઘરમાં તૈયાર થતી પેદાશોને પ્રોત્સાહન મળે તે માટે રૂપરેખા તૈયાર કરવામાં આવે તે જરૂરી છે,. કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડસ્ટ્રીઝને વિવિધ પગલા મારફતે મજબુત કરવામાં આવે તે જરૂરી છે. ચીજવસ્તુઓ પર ટેક્સને ઘટાડી દેવામાઆવે તેવી માંગ પણ કરવામાં આવી છે. તમામ ઈલેક્ટ્રોનિક સેક્ટરને ચાવીરુપ વિસ્તાર તરીકે ગણવામાં આવે છે. આયાતના પ્રમાણને ઘટાડવામાં આવે તે જરૂરી છે. ડિજિટલ ઈન્ડિયા જેવા ઉદેશ્યોને હાસલ કરવા માટે આની જરૂર છે. આ સેક્ટરમાં અપેક્ષા ખુબ જ ઉપયોગી છે.

# ગેઈલે વર્લ્ડકપની પ્રથમ બેવડી સદી ફટાકારી

## ૧૦ ચોગ્ગા અને ૧૬ છગ્ગા સાથે ૨૧૫ રન

કેનબેરા,તા. ૨૪

વેસ્ટઈન્ડિઝના ધરખમ ઓપનિંગ બેટ્સમેન ક્રિસ ગેઈલે આજે વર્લ્ડકપની પ્રથમ બેવડી સદી



ફટકારી હતી. તે વનડે ક્રિકેટના ઈતિહાસમાં બેવડી સદી ફટકારનાર ચોથો ખેલાડી બની ગયો હતો. આજે કેનબેરા ખાતે રમાયેલી મેચમાં ક્રિસ ગેઈલે છગ્ગા ચોગ્ગાનો વરસાદ કરીને ૨૧૫ રન ફટકાર્યા હતા. ક્રિસ ગેઈલ એવા ચાર ખેલાડીઓમાં સામેલ છે જે ટેસ્ટ ક્રિકેટમાં પણ ત્રેવડી સદી ફટકારી ચુક્યા છે. આ ઉપરાંત તેને બિગ હિટર તરીકે ગણવામાં આવે છે. ૨૦૧૨માં ટેસ્ટ મેચના પ્રથમ બોલ ઉપર જ છગ્ગો ફટકારીને નવો રેકોર્ડ કર્યો હતો. આ ઉપરાંત ક્રિસ ગેઈલે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમતા કોઈપણ ફોર્મેટમાં સૌથી ઝડપી સદી કરી હતી. ૩૦ બોલમાં સદી ફટકારી હતી. ટી- ૨૦ મેચમાં પણ તેનો સૌથી જંગી જુમલો રહેલો છે. ક્રિસ ગેઈલે કેરિયરની શરૂઆત કિંગ્સસ્ટન જમૈકામાં લુકાસ ક્રિકેટ ક્લબ સાથે કરી હતી. યુથ ઈન્ટરનેશનલ લેવલ ઉપર પણ તે ચમક્યો હતો. કેરિયરની શરૂઆત તેની ધીમી ગતિએ થઈ હતી પરંતુ ટુંકમાં જ ધરખમ બેટ્સમેન તરીકે ઉભરી આવ્યો હતો. આજે ક્રિસ ગેઈલે માત્ર ૧૪૭ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૧૬ છગ્ગા સાથે ૨૦૧૫ રન બનાવ્યા હતા. આ ઉપરાંત વનડે ક્રિકેટની સૌથી લાંબી ભાગીદારી પણ નોંધાવી હતી. ક્રિસ ગેઈલની આ બેટિંગના પરિણામ સ્વરુપે વિન્ડિઝે રેકોર્ડ જુમલો ખડક્યો હતો. તે કેટલીક ટુર્નામેન્ટોમાં ટીમનું નેતૃત્વ પણ કરતો આવ્યો છે.

### ગેઈલ અને સેમ્યુલ્સ વચ્ચે ૩૭૨ રનની ભાગીદારી

કેનબેરા ખાતે આજે રમાયેલી આઈસીસી વર્લ્ડકપની મેચમાં વેસ્ટઈન્ડિઝના ધરખમ ઓપનિંગ બેટ્સમેન ક્રિસ ગેઈલે શાનદાર બેટિંગ કરી હતી. ક્રિસ ગેઈલે સેમ્યુલ્સ સાથે મળીને વર્લ્ડકપની અને વનડે ક્રિકેટની હજુ સુધીની સૌથી મોટી ભાગીદારી નોંધાવી હતી. પ્રથમ વિકેટ વિન્ડિઝે શૂન્ય રને ગુમાવી દીધી હતી. પરંતુ ત્યારબાદ ક્રિસ ગેઈલ અને સેમ્યુલે ૩૭૨ રનની રેકોર્ડ ભાગીદારી નોંધાવી હતી. વનડે ક્રિકેટની રેકોર્ડ ભાગીદારીના આંકડા નીચે મુજબ છે.

| પાર્ટનર | વિકેટ | રન | વિરુદ્ધ | તારીખ |
|---|---|---|---|---|
| ગેઈલ-સેમ્યુલ્સ(વિન્ડિઝ) | ૨ | ૩૭૨ | ઝિમ્બાબ્વે | ૨૪ ફેબ્રુ ૨૦૧૫ |
| દ્રવિડ-તેંડુલકર (ભારત) | ૨ | ૩૩૧ | ન્યુઝીલેન્ડ | ૮ નવેમ્બર ૧૯૯૯ |
| દ્રવિડ-ગાંગુલી (ભારત) | ૨ | ૩૧૮ | શ્રીલંકા | ૨૬ મે ૧૯૯૯ |
| જયસૂર્યા-થારંગા (શ્રીલંકા) | ૧ | ૨૮૬ | ઈંગલેન્ડ | ૧ જુલાઈ ૨૦૦૬ |
| દિલશાન-થારંગા (શ્રીલંકા) | ૧ | ૨૮૨ | ઝિમ્બાબ્વે | ૧૦ માર્ચ ૨૦૧૧ |
| અઝહર-જાડેજા (ભારત) | ૪ | ૨૭૫ | ઝિમ્બાબ્વે | ૯ એપ્રિલ ૧૯૯૮ |
| મેક્કુલમ-માર્શલ (ન્યુઝીલેન્ડ) | ૧ | ૨૭૪ | આયર્લેન્ડ | ૧ જુલાઈ ૨૦૦૮ |
| ઈલિયોટ-રોન્ચી (ન્યુઝીલેન્ડ) | ૬ | ૨૬૭ | શ્રીલંકા | ૨૩ જાન્યુ ૨૦૧૫ |
| સોહેલ-ઈન્ઝમામ (પાકિસ્તાન) | ૨ | ૨૬૩ | ન્યુઝીલેન્ડ | ૨૦ એપ્રિલ ૧૯૯૪ |
| ગાંગુલ-સચિન (ભારત) | ૧ | ૨૫૮ | કેન્યા | ૨૪ ઓક્ટો ૨૦૦૧ |
| બ્રાવો-રામદિન (વિન્ડિઝ) | ૩ | ૨૫૮ | બાંગ્લાદેશ | ૨૫ ઓગસ્ટ ૨૦૧૪ |

## ક્વાલિટી હાઈ એજ્યુકેશન પર ધ્યાન આપવાની જરૂર

નવી દિલ્હી,તા. ૨૪

નાણાંપ્રધાન અરૂણ જેટલી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે ત્યારે તમામની નજર તેના પર કેન્દ્રિત થઈ ગઈ છે. બજેટમાં જેટલી હેલ્થકેર અને શિક્ષણ પર ખાસ ભાર મુકી શકે છે. હેલ્થકેર સેક્ટર ક્વાલિટી હાઈ એજ્યુકેશન પર ધ્યાન કેન્દ્રિત કરે તે જરૂરી છે. બજેટમાં કેટલીક જાહેરાત કરવામાં આવશે તેવી ગણતરી થઈ રહી છે. ચોક્કસ પ્રોજેક્ટો અને સ્કીમ માટે ફાળવણી વદી શકે છે. સ્કીલ ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા માટે જાહેરાત કરવામાં આવી શકે છે. મોટી સંખ્યામાં સંસ્થાઓને વધારીને સ્કીલ્ડ વર્કફોર્સમાં વધારો કરવામાં આવી શકે છે. ખાનગી ભાગીદારીને વધારી દેવા વધારે શૈક્ષણિક સંસ્થાઓ ખોલવાની માંગ થઈ રહી છે. ભવિષ્ય માટે પ્રોફેશનલોને વધારી દેવાની માંગ થઈ રહી છે. ભારતમાં બાઈટેક ઈન્ડસ્ટ્રીઝની હવે નોંધ લેવામાં આવી રહી છે. ભારતીય શૈક્ષણિક સંસ્થાઓની દેશના નિર્માણમાં સૌથી મોટી ભૂમિકા રહે છે. આવી સ્થિતીમાં સારા કુશળ શિક્ષણો અને વિદ્યાર્થીઓ તૈયાર થાય તે જરૂરી છે. દેશમાં જુદા જુદા શૈક્ષણિક વિભાગમાં વધુ સંસ્થાઓ સ્થાપિત કરવાની જરૂર છે. નાણાં પ્રધાન પાસેથી સ્કીલ ડેવલપમેન્ટ માટે આ સેક્ટર દ્વારા કેટલીક અપેક્ષા રાખવામાં આવે છે. જેમાં ભારતીય યુનિવર્સિટીઓ અને રિસર્ચ સંસ્થાઓમાં એડવાન્સ અભ્યાસક્રમ તૈયાર કરવા અને ઉદ્યોગ- શિક્ષણના સહકારને પ્રોત્સાહન મળે તે જરૂરી છે. આનાથી મજબુત ટેલેન્ટ પુલ તૈયાર કરાશે. તેમની કુશળતાને વધુ વધારવા માટે વિદેશ જવાથી વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોને રોકી શકાશે. વેન્ચર કેપિટલ ફંડની રચના કરવાની પણ માંગ કરવામાં આવી રહી છે.સંશોધન અને વિકાસ માટે ઈન્ડસ્ટ્રીઝની જરૂરિયાત મુજબ અભ્યાસ ક્રમ તૈયાર કરવાની માંગ છેલ્લા કેટલાક સમયથી ઉઠી રહી છે.

## સ્પાઈસ જેટ દ્વારા હોળી સેલ લોંચ: બુકિંગ ૧૬૯૯થી શરૂ

નવી દિલ્હી,તા. ૨૪

બજેટ કેરિયર સ્પાઇસ જેટ દ્વારા આજે અન્ય ડિસકાઉન્ટ ટિકિટ સ્કીમ લોંચ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે સ્થાનિક રૂટ પર ટિકિટની કિંમત ૧૬૯૯થી શરૂ કરવામાં આવનાર છે. જ્યારે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ માટે ટિકિટ કિંમત ૩૭૯૯ રૂપિયા રહેશે. સ્પાઇસ જેટ દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે હોળી સેલ સ્કીમ લોંચ કરાઇ છે. ત્રણ દિવસ સુધી આ સ્કીમ રહેશે. જે ગાળા દરમિયાન યાત્રી સસ્તી વિમાની સેવા માટે બુકિંગ કરાવી શકે છે. બુકિંગની પ્રક્રિયા ૨૬મી ફેબ્રુઆરીના દિવસે પૂર્ણ કરવામાં આવશે. હૈદરાબાદથી વિજવાડા, દિલ્હીતી દહેરાદુન, ગુવાહીટીથી કોલકત્તા અને અમદાવાદથી મુંબઇ તેમજ બેંગલોરથી હૈદરાબાદ માટે તમામ ટિકિટની કિંમત ૧૬૯૯ રૂપિયા રહેશે. જ્યારે ઇન્ટરનેશનલ ફ્લાઇટ પણ સસ્તામાં રહેશે. દિલ્હીથી કાઠમાન્ડપ માટેની ટિકિટ ૩૭૯૯ રૂપિયા રહેશે. છુટછાટના રેટ પણ તમામને લાગુ પડશે. આ ટિકિટ પર પ્રવાસનો ગાળો પહેલી માર્ચથી શરૂ કરાશે. જે ૨૦મી એપ્રિલ સુધીનો રહેશે. સેલ ઓફર તમામ ડાયરેક્ટ અને અન્ય સ્પાઇસની ફ્લાઇટ પર લાગુ થશે.

## બેંક હડતાળ મોકુફ : અંતે પગાર વધારા પર સહમતિ

નવી દિલ્હી,તા. ૨૪

જાહેર ક્ષેત્રની બેંકના કર્મચારીઓએ તેમની ચાર દિવસની હડતાળને આખરે પાછી ખેંચી લીધી છે. મેનેજમેન્ટ પગારમાં ૧૫ ટકાના વધારાની માંગ પર સહમત થતા આ વિવાદનો અંત આવી ગયો છે. ૧૫ ટકાના પગાર વધારાની માંગ સ્વીકારી લેવામાં આવતા એક વર્ષમાં ૪૭૨૫ કરોડનો વધારાનો બોજ પડશે. સાથે સાથે બેંક કર્મચારીઓની અન્ય કેટલીક માંગ પણ સ્વીકારી લેવામાં આવી છે. દેશમાં તમામ સરકારી બેંકોની શાખા મહિનાના બીજા અને ચોથા શનિવારે બંધ રહેશે. આ સંબંધમાં સમજુતી બેંક મેનેજમેન્ટ અને કર્મચારી યુનિયન વચ્ચે થઈ ગઈ છે. આ સમજુતી મુજબ બેંક કર્મચારીઓના પગારમાં વર્ષે ૧૫ ટકાનો વધારો મળશે. આ સેટલમેન્ટથી સરકારી બેંકો અને કેટલીક જુની ખાનગી સેક્ટરની બેંકોના ૧૦ લાખ કર્મચારીઓને સીધો ફાયદો થશે. આ પગલાથી ૪૭૨૫ કરોડનો વાર્ષિક બોજ પડશે. આ સમજુતી સાથે કર્મચારીઓએ તેમની હડતાળને પાછી ખેંચી લીધી હતી.

બેંકના કર્મચારીઓ પણ કેટલીક બાબત પર સહમત થયા છે. જે મુજબ મહિનાના બાકી શનિવારે સમગ્ર દિવસ કામ કરવામાં આવસે. હાલમાં અડધા દિવસ કામ થાય છે. મડાગાંઠનો અંત આવી ગયો છે તેને લઈને અમને ખુશી છે તેમ ઈન્ડિયન બેંક એસોસિએશનના મુખ્ય કારોબારી એમવી ટાંકસલે દ્વારા આ મુજબની પ્રતિક્રિયા આપવામાં આવી છે. આઈબીએ દ્વારા બેંકોની તરફથી કર્મચારી યુનિયનો સાથે વાતચીત કરી હતી. પગાર વધારો નવેમ્બર ૨૦૧૨ અને ઓક્ટોબર ૨૦૧૭ વચ્ચે માન્ય રહેશે. કર્મચારીઓ હવે ભારે ખુશ દેખાઈ રહ્યા છે.

## ગેંગસ્ટર સાલેમની સજા પર આજે મહત્વનો ચુકાદો જાહેર

મુંબઈ,તા. ૨૪

મુંબઈની ખાસ અદાલત મુંબઈ સ્થિત બિલ્ડર પ્રદીપ જૈન હત્યા કેસના સંબંધમાં અપરાધી જાહેર કરવામાં આવેલા ગેંગસ્ટર અબુ સાલેમને સજાની જાહેરાત આવતીકાલે ૨૫મી ફેબ્રુઆરીના દિવસે કરશે. સોમવારના દિવસે કોર્ટ સમક્ષ તેમની દલીલોને પૂર્ણ કરતા અબુ સાલેમના વકીલ સંદીપ પાસબોલાએ કહ્યું હતું કે પ્રત્યાર્પણ સમજુતીમાંકરવામાં આવેલા ઉલ્લેખ કરતા વધારે કોઈ સજા અબુ સાલેમને થવી જોઈએ નહી. પાસબોલાએ કહ્યું હતું કે કોર્ટ કેટલીક બાબતોને ધ્યાન રાખશે તેવી અમારી વિનંતિ છે. ગયા સપ્તાહમાં ખાસ ટાડા અદાલતના જજ જીએ સનપે સાલેમ, તેના ડ્રાઈવર મહેંદી હસન અને અન્ય બિલ્ડર વિરેન્દ્રને દોષિત ઠેરવ્યા હતા. આ પ્રથમ કેસ છે જેમાં સાલેમને ભારતમાં અપરાધી ઠેરવવામાં આવ્યો છે. પ્રોસિક્યુશન દ્વારા સાલેમ માટે આજીવન કારાવાસની માંગ કરવામાં આવી છે. અગાઉ ૧૬મી ફેબ્રુઆરીના દિવસે ટાડા અદાલતે વર્ષ ૧૯૯૫ના પ્રદિપ જૈન હત્યા કેસમાં પ્રત્યાર્પણ કરીને ભારત લાવવામાં આવેલા ગેંગસ્ટર અબુ સામેલને અપરાધી ઠેરવવામાં આવ્યો હતો. ખાસ ટ્રાયલ જજે અબુ સામેલની ટ્રાયલ પરિપૂર્ણ કરી લીધી હતી.આ ઉપરાંત મહેંદી હસન અને બિલ્ડર વિરેન્દ્રની ટ્રાયલની પ્રક્રિયા પુરી કરી લેવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ ગેંગસ્ટર અબુ સાલેમે સંપત્તિ વિવાદના મામલે જૈનની હત્યા કરાવી હતી. મુંબઈ સ્થિત બિલ્ડર પ્રદિપ જૈનને ૭મી માર્ચ ૧૯૯૫ના દિવસે તેમના જુહુ બંગલાની બહાર ઠાર મારી દેવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપી નમીમ ખાન તાજના સાક્ષી બની ગયા હતા. આ કેસમાં અન્ય એક આરોપી રિયાઝ સિદીકીએ તેમનું નિવેદન પાછુ ખેંચી લીધું હતું. અબુ સાલેમ અને અન્ય આરોપીઓએ આ કેસમાં તેમની ભૂમિકા હોવાનો ઈન્કાર કર્યો હતો. સિદીકીએ પોલીસ સમક્ષ વિસ્તૃત નિવેદન આપ્યું હતું. મોડેથી હત્યામાં તેમની અને સાલેમની ભૂમિકાનો ઈન્કાર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯૯૩માં મુંબઈ સિરિયલ બ્લાસ્ટમાં આરોપી અબુ સાલેમને ૧૧મી નવેમ્બર ૨૦૦૫ના દિવસે પ્રત્યાર્પણ મારફતે ભારત લાવવામાં આવ્યો હતો.

# જમીન અધિગ્રહણ કાયદામાં સુધારાઓ પર મોદી મક્કમ

### ખેડૂતોના અભિપ્રાય મેળવવા પેનલની રચના : સૂચિત જમીન બિલ દેશના હિતમાં છે ખેડૂતોને ફાયદો થશે : કોંગી મુખ્યમંત્રીઓ દ્વારા પણ આવા સૂચનો કરાયા

નવી દિલ્હી,તા. ૨૪



જમીન અધિગ્રહણ કાયદામાં સુધારો કરવા સરકારની હિલચાલનો જોરદાર વિરોધ થઈ રહ્યો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સ્પષ્ટતા કરી હતી કે, જમીન અધિગ્રહણ કાયદામાં સુધારા ચોક્કસપણે કરવામાં આવી રહ્યા છે. ભાજપ પ્રમુખ અમિત શાહે ખેડૂતોના અભિપ્રાય લેવા પેનલની રચના કરવામાં આવી છે. ભાજપ એનડીએના અન્ય ભાગીદારો સાથે ચર્ચા કરવા માટે પણ તૈયાર છે. કાયદાને વધુ અસરકારક અને ખેડૂતલક્ષી બનાવવાની તૈયારી છે. વિરોધ પક્ષો દ્વારા જે રીતે પ્રચાર કરવામાં આવી રહ્યો છે તેને ખુલ્લો પાડવા ભાજપના સાંસદોને મોદીએ અપીલ કરી હતી. ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં મોદીએ કહ્યું હતું કે, આ બિલથી ખેડૂતોને ફાયદો થશે. તેમની સરકાર દ્વારા કરવામાં આવેલા સુધારા કોંગ્રેસ શાસિત રાજ્યો દ્વારા કરવામાં આવેલી ભલામણો અને માંગ તથા સૂચનો ઉપર આધારિત છે. જમીન વટહુકમ બિલ ખેડૂતોની તરફેણમાં છે. આઅંગે બિનજરૂરી માહિતી ફેલવવામાં આવી રહી છે. બીજી બાજુ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હઝારે આંદોલન પર ઉતરેલા છે. મોદી સરકાર સામે તેઓ આંદોલન ચલાવી રહ્યા છે. એએપીના નેતાઓ પણ આમા જોડાયા છે. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું છે કે, જમીન અધિગ્રહણ એક્ટમાં સુધારા કરવામાં આવશે છતાં તમામ સાથે વાતચીત થશે. ખેડૂતોના અભિપ્રાય પણ લેવામાં આવી રહ્યા છે. સૂચિત જમીન બિલ દેશના હિત માટે ખેડૂતોને આનાથી ફાયદો થશે.

## સમાચાર ઝલક

- આજથી હોળાષ્ટક, કમુર્તાનો પ્રારંભ શુભ કાર્યો થંભી જશે.
- ગુજરાતમાં સિનેમાગૃહોએ સપ્તાહમાં બે શો ગુજરાતી પીક્ચર બતાવવું પડશે.
- મોડેલ સ્ટેટ ગુજરાતમાં ગંભીર બિમારીઓનો રાફડો. સ્વાઈન ફ્લ્યુ, ટીબી, કોલેરો, એઈડસ, કેન્સર, ડેન્ગ્યુમાં ચિંતાજનક વધારો.
- રાજકોટમાં પત્ની અને ત્રણ પુત્રીઓ સાથે આપઘાતનો પ્રયાસ કરનારા કરોડોનો કૌભાંડમાં ઝડપાયા.
- જૈન તીર્થધામ પાલીતાણામાં સોમવારે ઢેબરીયા તેરસ ઉજવાશે.
- બે દિવસમાં તાપમાન ઘટશે. ભેજ મધ્યમ રહેશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર થશે.
- તાપી જિલ્લાના બુહારી ગામે ૧૦ દુકાનો આગથી ભસ્મીભૂત થઈ.
- વડોદરામાં નકલી પોલીસે બે મહિલાઓને દિવસે લુંટી લીધી.
- મુંબઈમાં એક જ છત હેઠળ રહેવાની શરતે પતિ-પત્નિને મળ્યા છુટાછેડા.
- દિલ્હીમાં વધુ એક ગુજરાત ભવન બનાવાશે.
- બાઈક એમ્બ્યુલન્સ લોંચ કરાઈ.
- બ્રિટનની સંસદ બહાર પૂ. મહાત્મા ગાંધીજીની પ્રતિમા મુકાશે.